# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KUTCH JASUS ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATSની ટુકડીએ કચ્છ સરહદ પરથી આજે એક શંકાસ્પદ જાસૂસની ધરપકડ કરી છે. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે, પકડાયેલો વ્યક્તિ સરહદ સુરક્ષા દળ- BSF અને નૌકાદળની સંવેદનશીલ માહિતી ફોટો અને વીડિયો મારફતે પાકિસ્તાનને પહોંચાડતો હોવાનો તેની પર આક્ષેપ છે. હાલમાં આ શંકાસ્પદ જાસૂસના ફોનને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યો છે. પાકિસ્તાની એજન્ટ તરફથી આ શંકાસ્પદ જાસૂસને 40 હજાર રૂપિયાની રોકડ રકમ અપાઈ હોવાનું પણ જણાયું છે.

બીજી તરફ બનાસકાંઠા સરહદ પર એક વ્યક્તિએ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરતા સરહદ સુરક્ષા દળ- BSF-એ તેને ઠાર કર્યો હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . .

# HARSH SANGHAVI SURAT

રાજ્ય સરકાર દ્વારા આજે હીરા ઉદ્યોગ માટે રાહત પેકેજ જાહેર કરાયું છે. અસરગ્રસ્ત બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે એક વર્ષ માટે તેમની શાળાની ફી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. સરકાર પ્રતિ બાળક 13 હજાર 500 રૂપિયાની ફી શાળાઓને સીધા જ તેમના ખાતામાં જમા કરાવશે તેમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરતમાં પત્રકાર પરિસદને સંબોધતા જણાવ્યું.

(BYTE- HARSH SANGHAVI, HOME MINISTER)

હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ તેમજ વિવિધ ક્ષેત્રના રત્ન કલાકારોના સંગઠનો સાથે ચર્ચાઓ બાદ આ નિર્ણય કરાયા હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . .

# MEHSANA GOLD MEDAL

મહેસાણાના 12 વર્ષનાં હીર પટેલે રાજ્યના ખેલ મહાકુંભની જિમ્નાસ્ટિક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. બહુચરાજીના કરણપુરા ગામનાં રહેવાસી આ ખેલાડીએ આ સ્પર્ધામાં ચાર રજત અને એક કાંસ્ય ચંદ્રક પણ જીત્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ ગામના લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 122-મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન AIR મૉબાઈલ ઍપ્લિકેશન પર

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણીથી હિન્દી પ્રસારણ બાદ તરત જ 'મન કી બાત' કાર્યક્રમ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારિત થશે.

. . . . . . . . . . .

# DWARKA ACCIDENT

દેવભૂમિદ્વારકા જિલ્લામાં કાર સાથે એક યુવકની ટક્કર થતા તેનું મોત નીપજ્યું છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, ખંભાળિયા ભાણવડ રાજમાર્ગ પર ભૂતવડ મંદિર પાસેથી એક પરિવાર પસાર થઈ રહ્યો હતો. દરમિયાન એક કારની અડફેટે આવતા 35 વર્ષના યુવકે જીવ ગુમાવ્યો છે. જોકે, અકસ્માત બાદ ફરાર થયેલા કારચાલકને પોલીસે પકડી પાડ્યો છે.

. . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે કમોસમી વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, આજે સવારે છ વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં 31 તાલુકામાં સામાન્ય વરસાદ ખાબક્યો. દરમિયાન સૌથી વધારે સવા એક ઈંચથી વધુ વરસાદ વલસાડના વાપી અને નવસારીના

નવસારી તાલુકામાં નોંધાયો છે. બીજી તરફ, તાપીના સાત તાલુકામાં આજે સવારે સામાન્ય વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

તો, વલસાડના વાપી તાલુકામાં દોઢ ઈંચથી વધુ વરસાદ થતા રેલવે અંડરપાસમાં પાણી ભરાયા. તેમજ વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભારે પવન સાથે વરસેલા વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

નવસારી જિલ્લામાં પણ આજે કમોસમી વરસાદી માવઠું પડતા ડાંગર પકવતા ખેડૂતોને નુકસાન થયું છે.

તો, અરવલ્લીમાં વાવાઝોડાના કારણે મેઘરજ પંથકમાં કેરીના પાકને નુકસાન થયું છે. ખેડૂતોને કેરીની ઉપજ મળવાની આશા હતી, પરંતુ ભારે પવન ફૂંકાવવાના કારણે કેરીઓ ખરી પડી ગઈ છે. આ અંગે એક ખેડૂતે પ્રતિક્રિયા આપી.

**(BYTE- HASUMATI BEN, FARMER)**

. . . . . . . . . . .

# DIU KHELO INDIA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં ગઈકાલે રાત્રે સેપક ટકરાવ ક્વાડ રેગુ ટીમ ઇવેન્ટમાં નાગાલેન્ડની મહિલાઓએ ઇતિહાસ રચ્યો છે. દીવનાં અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે, નાગાલેન્ડની ટીમે સુવર્ણ ચંદ્રક જીતીને પહેલી વાર ખેલો ઇન્ડિયા સ્પર્ધામાં ટોચના ત્રણ ક્રમાંકમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે દિલ્હીની

ટીમે મણિપુરને પરાજય આપી પુરુષોની ક્વાડ રેગુ ટીમ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

નાગાલેન્ડની ટીમે ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ 2025માં પાંચ સુવર્ણ, ત્રણ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. જ્યારે મણિપુર અને મહારાષ્ટ્રની ટીમ પૉઈન્ટ ટૅબલમાં પહેલા અને બીજા સ્થાન પર રહી છે.

. . . . . . . . . . .